કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+
પરીક્ષા પાસ કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૨/૭/૨૦૧૩

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૧૫-૬-૨૦૧૨ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૨-૧૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૧ -૧-૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩-૦૧.-ખતપ -૧૦૨૦૦૫ -૧૫૧૯-પાર્ટ-૧-ક

(૫) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩-૪-૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩- ૦૬ -ખતપ -૧૦૨૦૦૫ -૧૫૧૯-પાર્ટ-૧-ક

(૬) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૭/૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩-૧૩-ખતપ -૧૦૨૦૦૫ -૧૫૧૯-પાર્ટ-૧-ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં , સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે, તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી, જે મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમ-૫ આગળના જાહેરનામાથી તે મુદત તા. ૩૦-૦૬-૨૦૧૩ સુધી

લંબાવવામાં આવેલ હતી અને આ મુદત હવે તા.૩૦-૦૬-૨૦૧૩ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કર્યો હતો. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) જે અધિકારી / કર્મચારીઓને C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા અધિકારી/કર્મચારીઓએ (૧) તેમની નિવૃત્તિની તારીખ સુધીમાં અથવા (૨) તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં, એ બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

પરંતુ, શરતી બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ અધિકારી/કર્મચારીઓ પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓએ ૫૫ વર્ષ પૂરા કરેલ હોય તેમને અને હવે પછી જે અધિકારીઓ/કર્મચારીઓ તા.૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં ૫૫ વર્ષ પૂરા કરશે તેઓને કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (C.C.C./C.C.C.+) પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ ઉક્ત સૂચના અન્વયે જે અધિકારી/ કર્મચારીઓએ પરીક્ષા પાસ કરવાની રહે છે તેવા અધિકારીઓ/ કર્મચારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ ની તાલીમમાં મોકલવા માટે પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૨) તા.૧-૦૭-૨૦૧૩ ના રોજથી જેમણે C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ અધિકારી/કર્મચારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ની તાલીમમાં મોકલવા માટે દ્વિતિય અગ્રતા આપવાની રહેશે

(3) જે અધિકારીઓ/કર્મચારીઓએ ૫૫ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ/કર્મચારીઓ જે તારીખે ૫૫ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (C.C.C./C.C.C.+) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ / અધિકારીઓ ઉચ્ચત્તમ પગાર ધોરણ તથા બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દેવી ચંડયા.)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.

❖ પત્ર દ્વારા.